EDITOR - BHUPEN VALA

ગુજરાત મુવમેન્ટ
OCT 2022

# the footage

REFLECTION OF GUJARATI ENTERTAINMENT



ખરું ગુજરાત શહેરોથી દુર ગામડાઓમાં વસે છે,
મેકર્સએ એ ગુજરાતને ઓળખવું પડશેઃ

## હિતેન કુમાર

ફાઈનલી ગુજરાતી સિનેમાને
મળ્યો એક ગુડલુકિંગ હિરો

## માનસ શાહ

દર્શકોને હવે સ્ક્રિપ્ટ, હીરો-હીરોઈન,
લોકેશન, મ્યુઝિક, એડિટીંગ બધુ
જ સારું જોઈએ છેઃ સત્રી સુરાની

સૌમ્ય પંડ્યા એટલે
આવનાર ભવિષ્યનો
ઉમદા કલાકાર

કેમેરો સામે આવતા જ નવો
અવતાર ધારણ કરે છે

## નિરલ સુથાર

thefootage
REFLECTION OF GUJARATI ENTERTAINMENT



# EDITOR MESSAGE

પ્રિય વાચક મિત્રો

અમદાવાદથી પ્રકાશિત થતું 'ગુજરાત મુવમેન્ટ દૈનિક' છેલ્લા સાત વર્ષથી પોઝીટીવ મીડિયામાં કાર્યરત છે. અમારા આ દૈનિક દ્વારા સમાજને સીધા અસર કરનારા વિષયો પર ન્યુઝ સપ્લિમેન્ટની શરૂઆત કરવામાં આવી છે. જેમાં "પોલિટિકલ મુવમેન્ટ" નામે માત્ર રાજકારણને લગતું સપ્લિમેન્ટ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત છે. તેમજ 'એજ્યુકેશન સિસ્ટમ"ના નામે માત્ર શિક્ષણ જગત માટે એક નવા ન્યુઝ સપ્લિમેન્ટની શરૂઆત કરવામાં આવી છે.

આ સાથે ગુજરાત મુવમેન્ટ દૈનિક દ્વારા અમે "ધ ફૂટેજ" નામક ફક્ત ગુજરાતી ફિલ્મ જગત અને ગુજરાતી મનોરંજન માટે એક નવા ન્યુઝ સપ્લીમેન્ટની શરૂઆત કરી છે. પ્રિન્ટ મીડિયામાં સૌ પ્રથમ આ એવું ન્યુઝ સપ્લીમેન્ટ છે જે ગુજરાતી સિનેમાંનાં ન્યુઝ સાથે ગુજરાતી કલાકારોનાં ઈન્ટરવ્યુ, ડાયરેકટર અને પ્રોડ્યુસરનાં ઈન્ટરવ્યૂ, રેડિયો, નાટક, મોડલિંગ જગત, ગુજરાતી સિરિયલ, શુટીગ ડેસ્ટિનેશન વિશેની માહિતી, ઈવેન્ટ અને એવોર્ડ, ફિલ્મ પ્રમોશન, નવા કલાકારોનાં ઈન્ટરવ્યૂ, ગુજરાતી સંગીત અને સિંગર, ગુજરાતી શોર્ટ ફિલ્મો તેમજ ફિલ્મ અને મનોરંજન ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક વિષયની રસપ્રદ માહિતી પ્રકાશિત કરશે.

આ એક એવી અનોખી શરૂઆત છે, જે આપણી પોતાની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીને ગુજરાતની જનતા સમક્ષ મુકવાનું માદ્યમ બનશે. જેથી ગુજરાતી કલાજગત સાથે સંકળાયેલા તેમજ આ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશવા મથતાં નવા ટેલેન્ટને મદદરૂપ નિવડી શકે. અત્યારનાં સમયમાં ગુજરાતી સિનેમાએ જાણે એક નવા જ અદ્યાયની શરૂઆત કરી છે. પરંતુ ગુજરાતી સિનેમાંએ હજુ પણ નવા ચઢાણ સાથે અનેક પ્રશ્નો અને પડકારોને ફેસ કરવાના બાકી છે.

અત્યાર સુધીનાં અંકોમાં અનેક કલાકારોનાં ઈન્ટવ્યુ અમે પબ્લિશ કરી ચુક્યા છીએ. આ બધા જ કલાકારોમાં ગુજરાતી સિનેમા, રેડિયો, ટેલીવિઝન, ડાન્સર, ગાયકો અને ફેશન જગતનાં અનેક નામી અનામી ચહેરાઓ સામેલ છે. આ અનોખી શરૂઆતમાં અત્યાર સુધી વાચકોનો ખુબ જ મોટો ફાળો અને સહયોગ રહ્યો છે. અને દિવસે ને દિવસે ધ ફૂટેજ ની લોકપ્રિયતામાં વધારો થઈ રહ્યો છે. ઓનલાઈન કોપી અને પ્રિન્ટ બન્ને સ્વરૂપોને લોકોએ ખુબ જ પંસદ કર્યુ છે. આ અમારા માટે ગૌરવની વાત છે. આગળ પણ અમે આ જ રીતે ગુજરાતી એન્ટરટેઈમેન્ટ ઈન્ડસ્ટ્રીની માહિતી આપ સુધી અવિરત પહોંચાડવા કટ્રીબદ્ધ છીએ. આપ સૌ વાચકોનો ખુબ ખુબ આભાર.

એડિટર - ભુપેન વાળા

DAILY NEWS PAPER
ગુજરાત મુવમેન્ટ
દૈનિક દ્વારા પ્રકાશિત
thefootage
Reflection of Gujarati cinema
RNI NO: GUJGUJ/2015/62334

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી
ભુપેન એન. વાળા

ગુજરાત મુવમેન્ટ (દૈનિક) દ્વારા "ધ ફુટેજ" ન્યુઝ સપ્લીમેન્ટ દર મહિનાની પહેલી તારીખે અમદાવાદથી પ્રકાશિત થાય છે.

કિંમત : રૂ. ૨૫/-

હેડ ઓફીસ : અમદાવાદ
8780062620

Follow us on

thefootage
Reflection of Gujarati cinema

## ખાસ નોંધ

ધ ફુટેજ ' નાં લવાજમ, જાહેરાત તેમજ અન્ય કોઈ બાબત માટે માત્ર અમદાવાદ ઓફિસનો સંપર્ક કરવો. આ અંગે ગુજરાતમાં કોઈપણ પત્રકાર, એજન્સી કે ઓથોરાઈડ્સ વ્યક્તિની નિમણુંક કરેલ નથી.

જાહેરાત કે લવાજમ સ્વિકારવા માટે 'ધ ફુટેજ' માં છપાયેલ વ્યક્તિ કે સ્થળો સિવાય અન્ય કોઈ વ્યક્તિ કે શાખાઓ સાથે વ્યવહાર કરવો નહી. જાહેરાત કે લવાજમ ભરતા પહેલા એજન્સી કે વ્યક્તિ પાસેથી જરૂરી ઓથોરાઈઝ્ડ કાગળોની ચકાસણી અચુક કરવી. તે સિવાયનાં વ્યવહાર માટે 'ધ ફુટેજ' જવાબદાર રહેશે નહીં.

' ધ ફુટેજ ' માં પ્રકાશિત થતા ન્યુઝ, જાહેરાતો, લેખો તેમજ અન્ય વાંચન સામગ્રી દ્વારા વ્યક્ત થતા વિચારો સાથે ગુજરાત મુવમેન્ટ સંપુર્ણ સંમત હોય તેવુ માનવું નહીં. ક્રુપા કરી વાંચક મિત્રો પોતાની વિવેકબુધ્ધીનો ઉપયોગ કરે.

એડિટર - ભુપેન વાળા

# પબ્લિક રિલેશન અને માર્કેટીંગમાં પાછી પડી રહી છે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી

એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં આ રિવોલ્યુશનનો સમય છે. આજના સમયમાં દર્શકો પાસે એન્ટરટેઇનમેન્ટનાં અનેક ઓપ્શન અવેલેબલ છે ત્યારે અત્યંત કોમ્પીટિશનમાંથી ફિલ્મ જગત પસાર થઇ રહ્યું છે. ઓટીટી પ્લેટફોર્મનાં આવ્યા બાદ બોલીવુડ ફિલ્મો માટે પણ એક ચેલેન્જ ઉભી થઇ છે, જ્યારે સાઉથ ફિલ્મોનો વધતો જતો ક્રેઝ બોલીવુડ માટે પણ ખુબ મોટો પડકાર બની રહ્યો છે. એવામાં ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી કેવી રિતે સર્વાઇવ કરી શકે એ મનોમંથનનો વિષય છે. જ્યાં દર્શકો પાસે અનેક ઓપ્શન અવેલેબલ હોય ત્યાં ગુજરાતી સિનેમા માટે જગ્યા કેટલી? જે સમય સાઉથની ફિલ્મો હિન્દી સિનેમા માટે પડકારૂપ બની રહી હોય ત્યાં ગુજરાતી દર્શકો ગુજરાતી ફિલ્મ જોવા શા માટે જશે? આ સવાલનો જવાબ અત્યારે ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ પોરસાયા વગર શોધવાનો છે.

ગુજરાતી ઈન્ડસ્ટ્રીમા હાલનાં સમયમાં ઘણી સારી ફિલ્મો બની રહી છે, અવનવા વિષયો સાથે ઘણી સારી ફિલ્મો આવી, પણ એ ફિલ્મો કેટલી ચાલી, પ્રોડ્યુસરનાં પૈસા પાછા આવ્યા કે કેમ, એ કોને ખબર? એક ઉભરો આવે એમ કોઇ ફિલ્મ વખાણવાની શરૂ થાય એટલી જ ઝડપથી એ પડદા પરથી ગાયબ થઈ જાય છે. પ્રેક્ટીકલ બાબત એ છે કે, સર્વાઇવ કરવા માટે રિકવરી અનિવાર્ય છે. અહીં મુખ્ય સવાલ એ પણ છે કે, ગુજરાતી ફિલ્મો જોનાર વર્ગ કેટલો? અને એ જે સંખ્યા છે એમા વધારો કેમ થઈ શકે? શું ગુજરાતી દર્શકો એ ગુજરાતી હોવાનાં કારણે ગુજરાતી ફિલ્મ જોવા જશે!? ‘એવું એની ફરજમાં નથી આવતું’ આ વાત ઇન્ડસ્ટ્રીએ ખાસ સમજવાની જરૂર છે. લોકો એન્ટરટેઇનમેન્ટ માટે ફિલ્મો જોવા જાય છે ફરજ બજાવવા નહીં. રિઝનલ સિનેમાની જ્યારે વાત હોય ત્યારે લોકો એમા પોતાપણું શોધે છે, એમની વાત, એમના પ્રદેશની વાત, પોતાના કલ્ચરની વાત, શું ગુજરાતી સિનેમામાં એ ગુજરાતીપણું મિસિંગ છે? કે પછી હજુ તો ઇન્ડસ્ટ્રી ઉભી થઇ રહી છે, હવે ફિલ્મો સારી બની રહી છે વગેરે, વગેરે જેવા દિલાસાઓમાં મૂળ પ્રશ્ન સૌ કોઇ ચુકી રહ્યા છે? આમ તો પ્રશ્ન ઘણા બધા છે ને તેના ઉત્તર ગુજરાતી સિનેમાનાં બની બેઠેલા ઉધ્ધારકો જાણતા જ હશે. અહીં વાત કોઈને ક્રીટીસાઈઝ કરવાની નથી, અહીં વાત છે કે, આ સમયમાં ગુજરાતી સિનેમા સામે કેવા પડકારો છે અને ઇન્ડસ્ટ્રી ક્યાં પાછી પડી રહી છે. આ બાબત પર ઇન્ડસ્ટ્રી જ્યારે વિચારવાનું શરૂ કરશે ત્યારે આપણું રિઝનલ સિનેમા ફિલ્મ ઉદ્યોગ બની ને ઉભરી આવશે. જેમા એક આખી ટેલેન્ટેડ પેઢીનાં લાખો યુવાનોનાં સપનાઓ અને રોજગાર છુપાયેલા છે.

ફિલ્મ સારી બનાવી પણ દર્શકો સુધી પહોંચાડવી કેમ અને એ દર્શકોને થિયેટર સુધી લાવવા કેમ? હરેક ફિલ્મ માટે આટલી જ બાબત અત્યંત મહત્વની છે. સોશિયલ મિડીયાએ એવી ફેક હવા ક્રીએટ કરી છે જ્યાં વાસ્તિક બાબતો અને વિચારો સાથે કોઇ ખાસ લેવા દેવા હોતા નથી. ફિલ્મનું ટ્રેલર હોય કે, લાખો ફોલોઅર્સ ધરાવતા સોશિયલ મીડિયા સ્ટાર આ બન્ને બાબતો માટે ગ્રાઉન્ડ રિયાલીટી બિલ્કુલ જુદી છે. સલમાનની ફિલ્મ આવે એટલે એમનો ચાહક વર્ગ એમ જ થિયેટર સુધી પહોંચી જાય એવી વાત ગુજરાતી કલાકારો માટે હજુ સપના સેવવા જેવી વાત છે, પણ અશક્ય નથી. આપણે જાણીએ છીએ કે, એક કલાકારનું લોકપ્રિય હોવુ અનિવાર્ય છે. કલાકાર પ્રત્યેનો એ ક્રેઝ હજુ ગુજરાતી સિનેમાનાં કલાકારો માટે જોવા મળતો નથી. એનું એક મુળભુત કારણ એ છે કે, આપના મોટાભાગનાં કલાકારોને પોતાનું પિ.આર. કેમ કરવું એની સમજ જ નથી. મલ્હાર જેવો જાણીતો કલાકાર ફિલ્મ પ્રિમિયરમાં બાઉન્સર સાથે આવે ત્યારે ચોક્કસ તમને નવાઇ લાગે. લોકોનાં દિલોના વસવા લોકોની નજીક જવુ પડે. તમારા ફિલ્મી કિરદારો લોકોનાં દિલો દિમાગ પર બેસી જાય એ અનિવાર્ય છે. આ લોકો પોતાના જીવનની નાની એવી સિધ્ધીઓથી એટલા અજાંય જાય છે જેથી લોકોની નજરમાં નથી આવી શકતા. જ્યાં માત્ર સોશિયલ મીડિયાનાં પ્રભાવની અસર તેમના પર ખુબ જ થઇ હોય એવું બની શકે, કેમ કે, આપણું રિઝનલ કોર મીડિયા આપણા કલાકારોને લાઇમ લાઇટમાં રાખતું નથી અથવા તો એવું કહી શકાય કે આપણા કલાકારોને એ આવડતું નથી. વાત કલાકારોની લોકપ્રિયતાની હોય તો આ સમયે એ સોશિયલ મીડિયા દ્વારા નક્કી કરી લેવામાં આવે છે, એ જ લાખો ફોલોઅર્સ ધરાવતા સ્ટાર તમને કોઇ મોલમાં હજાર લોકોથી ઘેરાયેલા જોવા નથી મળતાં. શું આ વાત આપણા કલાકારો નથી જાણતા? સાથે આ વાત પણ સમજવી કે, ફિલ્મ સિતારાઓ એ કોઇ રસ્તે ચાલતા સામાન્ય વ્યક્તિ નથી હોતા કે તેઓ એટીટ્યુડ ન રાખે, ખુબ મહેનત અને સ્ટ્રગલ પછી તેઓ મોટા પડદા પર પહોંચે છે. પરંતુ એ એટીટ્યુડ ત્યારે સાર્થક ગણાય જ્યારે એ મુકામ હાંસીલ કર્યું હોય. લાખો કરોડો લોકોનાં દિલ પર તમે છવાયેલા હોવ, તમારી હાજરી જ્યાં હોય એ માહોલ તમારા નામની ગુંજ અને ચિચીયારીઓથી ભરાય જતો હોય, ત્યારે ચોક્કસ તમે એ એટીટ્યુડ ના હકદાર છો. અને આ શક્ય છે તમારા કિરદારોથી, આ શક્ય છે જો, તમને ખ્યાલ છે કે, મીડિયા અને પિઆર તમને લોકોનાં દિલ સુધી લઇ જવાનું સૌથી સબળ પાસું છે.

બિજી તરફ ફિલ્મોની વાત પણ કંઇક એવી જ છે, જે ફિલ્મનું ટ્રેલર મિલીયન વ્યુ સુધી પહોંચી ગયું હોય એવી ફિલ્મ એક કે બે વિક સુધી પણ પડદા પર રહેતી નથી. ફિલ્મનાં મોટા બેનર શહેરભરમાં લાગે અને સોશિયલ મીડિયા પર પ્રમોશન થઇ જાય કે પછી વધીને ન્યુઝ પેપર એડ અને એથી વિશેષ આપણી ચેનલો પર થોડું પ્રમોશન.. શું આટલું થયા પછી ફિલ્મનું માર્કેટિંગ કે પિઆર પ્રોપર થયું કહી શકાય? જવાબ છે ના. એનું મુખ્ય કારણ છે કે પબ્લિસિટી અને અસરકારક પબ્લિસિટીમાં ઘણું અંતર છે. માર્કેટીંગ કે પિઆર એ દર્શકોને કમ સે કમ થિયેટર સુધી લાવી શકે એટલું પ્રભાવશાળી તો હોવું જ જોઇએ. પછીનું કામ તમારી ફિલ્મ કરશે. લોકો તમારી ફિલ્મ વિશે ચર્ચા કરે એ અનિવાર્ય છે. થોડા જ સમય પહેલા આવેલી બિગ બજેટ ગુજરાતી ફિલ્મ ‘રાડો’ એનું ઉત્તમ ઉદાહરણ છે. આ ફિલ્મનું પ્રમોશન અન્ય ફિલ્મોની સરખામણીએ વધારે કરવામાં આવ્યું હતું. શહેરમા બેનરો લાગ્યાં, ટેલીવિઝનમાં ટ્રેલર ચલાવવામા આવ્યું સાથે થોડી ન્યુઝ પેપર એડ કરવામાં આવી તેમ છતાં નવા અખતરા સાથેની આ ફિલ્મ અડધુ બજેટ રિકવર કરવામાં પણ નિષ્ફળ રહી. ફિલ્મની બિજી બાજું જોઇએ તો ફિલ્મ સાવ ખરાબ હતી એવું તો તમે ન જ કહી શકો, ફિલ્મનાં અનેક પાસાઓ ખુબ સારા હતા, ફિલ્મની મુખ્ય વાર્તા જેનાં વિશે વાત જ ન થઇ જે મેસેજ ખુબ જ અસરકારક હતો, કલાકારો ખુબ દમદાર હતા, તેમા હિતેન કુમાર હોય કે યશ સોની કે પછી હિતુ કનોડિયા બધાનો અભિનય ગમી જાય એવો હતો, તેમ છતાં ફિલ્મ પિટાઇ ગઇ અને મેકર્સ નિષ્ફળ રહ્યા તેનું મુખ્ય કારણ હતું તેમની માર્કેટીંગ સ્ટાઇલ અને તેમનું પિઆર.

વિચારવા જેવા અનેક સવાલો આ આર્ટિકલમાં છે, અને છેલ્લો વિચાર પણ, જો તમને કોઇ સવાલ થાય તો મને ચોક્કસ પુછી શકો છો. આપનો અભિપ્રાય અમારા માટે અમુલ્ય રહેશે.

**MANOJJ MEUVAE**

NUMEROLOGIST AND
VASTU CONSULTANT



ખુબ અનુભવી અને અભ્યાસુ ન્યુમરોલોજિસ્ટ શ્રી મનોજ મેઉઆ ધ ફુટેજનાં માધ્યમથી ગુજરાતી સિનેમા અને ગુજરાતી કલાકારોના જીવનમાં બનતી ઘટનાઓ, ઉતાર-ચડાવ, સફળતા કે નિષ્ફળતા વિશે અંકો કેવી રીતે અસરકારક નિવડી શકે તેનું સચોટ માર્ગદર્શન અને અભ્યાસ અહીં પ્રસ્તુક કરશે. મનોજભાઇ અંકશાસ્ત્રમાં બાર વર્ષનો અનુભવ ધરાવે છે, અત્યાર સુધીમાં અનેક અભ્યાસો અને અધ્યયન પછી તેઓ હજારો લોકોનાં જીવનમાં સકારાત્મક પરિણામો લાવવામાં સફળ રહ્યા છે. ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગમાં ૨૮ વર્ષ નોકરી કર્યા બાદ ૨૦૧૦ માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને ત્યારબાદ રુચીનાં કારણે વાસ્તુશાસ્ત્ર, અંકશાસ્ત્ર અને ચક્ર બેલેન્સીંગ જેવા ક્ષેત્રમાં તેઓ આગળ વધ્યા છે. તેમનો મૂળ હેતુ લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ અને સમસ્યાઓનું સમાધાન કરવું એજ રહ્યો છે. અંકશાસ્ત્રને અધ્યાત્મ સાથે જોડી વ્યક્તિ પોતાની સાથે જોડાયેલા લોકોને વધુ સારી રીતે ઓળખી શકે તે માટે ગહન સંશોધન કરેલ છે. જેના આધારે લોકોને સલાહ આપી રહ્યા છે. વાસ્તુશાસ્ત્ર, અંકશાસ્ત્ર, ચક્ર બેલેંસિંગનાં માધ્યમથી અત્યાર સુધી ૫૦૦૦ થી વધુ લોકોના જીવનમાં બદલાવ લાવી ચૂક્યા છે. અત્યારે ટેલીવિઝન ચેનલોમાં તેમના નિયમિત કાર્યક્રમો પ્રસારીત થતાં રહે છે.

# રાડો ફિલ્મની નિષ્ફળતાની પાછળ શું કહ્યું હતુ અંકશાસ્ત્ર નિષ્ણાત મનોજભાઈ મેઉઆએ...!?

★RAADO★ નું ટોટલ ૧૫ (૬)
ફિલ્મ રિલીઝ ડેટ ૨૨-૦૭-૨૦૨૨ શુક્રવાર
મૂલાંક ૪ અને ભાગ્યાંક ૮

★ફિલ્મ નિર્દેશક કૃષ્ણદેવ યાજ્ઞિક★

જન્મ તારીખ : ૧૭-૧૦-૧૯૮૪ ઉંમર ૩૮ (૨) માં વર્ષમાં
મૂલાંક ૮ ભાગ્યાંક ૪ નામનું ટોટલ ૪૭ = ૨
નામ નું ટોટલ ૪૭ = ૨

★હિતુ કનોડિયા★

જન્મ તારીખ: ૨૧-૦૨-૧૯૭૦ ઉંમર ૫૩ (૮) માં વર્ષમા
નામ નું ટોટલ ૩૮ = ૨
મૂલાંક ૩ અને ભાગ્યાંક ૪

★હિતેન કુમાર★

જન્મ તારીખ ૩૦-૦૬-૧૯૬૫
ઉંમરના ૫૮(૪) માં વર્ષમાં
મૂલાંક ૩ અને ભાગ્યાંક ૩
નામ નું ટોટલ ૩૬(૯) છે. જેમાં ૩૬ એ વિપરીત અંક છે. સામાન્ય રીતે જેને છત્તીસ કા આંકડા એમ બોલાય છે.

ફિલ્મની રિલીઝ ડેટ અને હિરેનકુમાર ના મૂલાંક ૩ અને ભાગ્યાંક ૩ તેમજ ફિલ્મ રાડો નામ નું ટોટલ ૬ પણ તાલમેલ ધરાવતું નથી. અંકશાસ્ત્રમાં ૩ અને ૬ વિપરીત સ્વભાવના અનેક ગણાય છે. ફિલ્મમાં બે મુખ્ય કલાકાર હિતુ કનોડિયા અને હિતેન કુમારના મૂલાંક ૩ છે જ્યારે ફિલ્મનું નામ ૬ ઉપર છે. આ સૌથી ઘાતક સાબિત થઈ શકે છે. કોઈપણ ફિલ્મનું નામ તેના કલાકારો અને નિર્દેશક ના અંકો સાથે તાલમેલ ધરાવે તે જોવું અત્યંત જરૂરી છે.

★યશ સોની★

જન્મ તારીખ ૧૬-૧૦-૧૯૯૬
મૂલાંક ૭ અને ભાગ યાંક ૬
નામ નું ટોટલ ૨૬ = ૮

ઉપરની સમગ્ર વિગતોનું અંકશાસ્ત્ર દૃષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો પ્રથમ દૃષ્ટિએ જણાય છે કે ફિલ્મ ની નિષ્ફળતા માટે રિલીઝની તારીખ ૨૨-૦૭-૨૦૨૨ ના મૂલાંક ૪ અને ભાગ્યાંક ૮ મુખ્ય કલાકાર હિતુ કનોડિયા અને ફિલ્મ નિર્દેશક કૃષ્ણદેવ યાજ્ઞિકના મૂલાંક અને ભાગ્યાંક સાથે તાલમેલ ધરાવતા નથી. ૪ અંક રાહુનો છે જ્યારે ૮ અંક શનિ નો છે. ફિલ્મનું નામ રાડો નું ટોટલ ૬ પર આવે છે જે શુભ છે પરંતુ હિતુ કનોડિયાના મૂલાંક ૩ નો વિરોધી અંક ૬ હોય આ નામ અશુભ સાબિત થાય છે. ફિલ્મનું નામ ફિલ્મ નિર્દેશક ના નામ સાથે પણ અનુકૂળતા નથી બનાવતું. યશ સોનીના અંક સાથે ફિલ્મનું નામ અને તારીખ તાલમેલ ધરાવે છે આથી આ ફિલ્મ નોનસૌથી વધુ લાભ યશ સોનીને મળે તેવું બની શકે. વળી હિતુ કનોડિયા હાલ ૫૩માં વર્ષનાંછે જેનું ટોટલ ૮ થાય જે તેમના મૂલાંક ૩ અને ભાગ્યાંક ૮ સાથે તાલમેલ બનાવતા નથી. આથી આગામી જન્મદિવસ સુધી તેમની ફિલ્મી સફર આંશિક સફળતા વાળી જ રહેશે. ફિલ્મ નિર્દેશક કૃષ્ણદેવ હાલ પોતાના ૩૮મા વર્ષમાં છે જેનું ટોટલ ૨ થાય . તેમનો મૂલાંક ૮ જે શનિનો છે જ્યારે હાલની ઉંમર ૩૮(૨) ચંદ્રનો છે. આમ શનિ અને ચંદ્રનો યોગ તેમનું આ વર્ષ સાધારણ જ બનાવી રાખશે.

જો આ ફિલ્મનું નામ અંકશાસ્ત્ર પ્રમાણે ૧, ૩ કે ૫ ઉપર રાખ્યું હોત અને રિલીઝ ડેટ ૨૧/૭/૨૦૨૨ રાખી હોત તો ફિલ્મને વધુ સારી સફળતા મળી શકતી. ફિલ્મ નીષ્ફળતા માટે સૌને અનુકૂળ આવે એવું નામ અને રિલીઝ ડેટ ખૂબ અગત્યના પરિબળ છે. ફિલ્મ નિર્દેશક અને કલાકારો વચ્ચે અંકશાસ્ત્ર દૃષ્ટિએ તાલમેલ પણ એટલો જ જરૂરી છે અન્યથા ખૂબ મોટા બજેટની અને સારી કહી શકાય એવી ફિલ્મ પણ સફળતા મેળવી શકતી નથી.



# ફાઈનલી ગુજરાતી સિનેમાને મળ્યો એક ગુડલુકિંગ હિરો

## માનસ શાહ

> અભિનય મને હુંફ આપે છે આથી જ હું હંમેશા એક પડકારજનક રોલની શોધમાં રહું છુંઃ માનસ શાહ

આઈ.એ.એસ અધિકારી બનવાના સપના સેવતો વ્યક્તિ અભિનેતા કેવી રીતે બની ગયો અને આજે વર્ષો બાદ તેને એમ જ અનુભવાય છે કે તેઓ એક હજાર ટકા અધિકારી નહીં પરંતુ અભિનેતા બનવા માટે જ સર્જાયો છે, ત્યારે આ સફર વિશે, તેમના પડકારો અને સફળતા વિશે જાણવાનું ચોક્કસ મન થાય. માનસે તેમના બહોળા અનુભવ અને સંઘર્ષની વાતો ધ ફુટેજ સાથે શેર કરી છે.

માનસ શાહે 'ધ ફૂટેજ' સાથે વાત કરતા જણાવ્યું હતું કે, મારો જન્મ અને ઉછેર અમદાવાદમાં થયો છે. મારા પપ્પા એસબીઆઈમાં જોબ કરતા અને મમ્મી સ્કુલમાં ટીચર હતા બાદમાં તેઓ હાઉસવાઈફ બની અમને તેમનો પૂરો સમય આપ્યો. સ્કુલ અને કોલેજ અમદાવાદમાં જ કરી યુપીએસસીની પરીક્ષા માટે તૈયારી કરતો હતો. તે સમયે દુરદર્શનમાં સુહાસિની સિરીયલમાં એક નાનકડો રોલ મળ્યો અને એક્ટિંગ પ્રત્યે આકર્ષણ ઉભુ થયું. કોલેજ સમયમાં હું નાટકો અને ફેશન શો કરતો ત્યારે વેકેશનમાં એક 'ઈન્ડિયાસ બેસ્ટ સીનેસ્ટાર કી ખોજ' નામનો રીયાલીટી શો આવ્યો. જેમા મે પાટીસિપેટ કર્યુ અને પાંચ હજાર કંસ્ટેસ્ટંટમાંથી પ્રથમ આવ્યો. ત્યારબાદ મુંબઈ જવાનું થયું અને હું ત્યાં પહેલા રાઉન્ડમાં જ હારી ગયો. એ સમયે ખૂબ મોટો ધક્કો લાગ્યો કે હું અમદાવાદમાં જે શો જિત્યો તો હું મુંબઈમાં પહેલા રાઉન્ડમાં હારી જાઉં એવું તો ના જ બની શકે. ત્યારથી અભિનય ઝનુન બની ગયો અને મહેનત કરવા લાગ્યો. આજે દાયકાથી વધુ સમય થયો છે અને રોજ નવા નવા મુકામ હાંસલ કરી રહ્યો છું. આ દરમિયાન અનેક મુશ્કેલીઓ પણ આવી છે. સૌથી મોટી બાબત એ હોય છે કે એક સફળ પ્રોજેક્ટ પુર્ણ થયા બાદ નવો પ્રોજેક્ટ શોધવામાં કે મળવામાં ત્રણ, ચાર, પાંચ મહિનામાંનો સમય હોય એ ખૂબ મુશ્કેલી ભર્યો હોય છે. જો કે આવો સમય દરેક કલાકારના જીવનમાં આવતો જ હોય છે. આ સમયે મને એક વખત એવું થયેલું કે આના કરતા ભણી લીધું હોત તો સારું હતું, પરંતુ મારી શાંતિ અને ખુશી અભિનયમાં છે. હું એવું કહું તો પણ તેમા અતિશિયોક્તી નથી કે, એક્ટિંગથી મને મોક્ષ મળ્યા જેટલી શાંતિ મળે છે અને આથી જ કહું છું કે હું અભિનેતા બનવા જ જન્મ્યો છું. ટેલિવિઝનમાં છવાયેલા માનસે 'સુહાસિની, હમારી દેવરાની, ગુલાલ, સ્માઈલપ્લિઝ, અમિતાકામે, સ્પાઈબહુ, યમયમી વગેરે જેવી સિરીયલ, વિવિધ પ્રોગ્રામોને હોસ્ટ કર્યા. તેઓ કહે છે કે, ઈંદ્રદેવ તેમજ કૃષ્ણનું પાત્ર ભજવવું એ અનુભવ મારા માટે ખુબ યાદગાર રહેશે. દરેક રોલમાંથી કશુંક તો શીખ્યું જ છે. હવે મને કમલસહન સાહેબ જેવું બનવાની ઈચ્છા છે. તેમના દરેક પાત્રમાં વિવિધતા રહી છે છતાંય તે આકર્ષક બન્યા છે. મારે દર્શકોના દિલમાં મારા અભિનયથી એવી જ છાપ છોડવી છે, હું એવા રોલની તકની શોધમાં છું. ગુજરાતી ફિલ્મોમાં હિરો તરીકે એક ઉમદા સ્થાન ઉભું કરી શકું એવા જ મારા પ્રયત્ન છે. ફિલ્મો વિશે વાત કરતા માનસે વાત કરતા જણાવ્યું હતું કે, મારી પહેલી ફિલ્મ 'કમિટમેન્ટ' હતી પરંતુ નોટબંધીના કારણે તે ફિલ્મ લોકો સુધી પહોંચી શકી નહીં અને બીજી એક ફિલ્મ રિલીઝ થઈ શકી નહોતી. જ્યારે હવે 'કેમ છો લંડન' પાસે ખૂબ અપેક્ષાઓ છે. કારણ કે આ ફિલ્મમાં સ્ટોરીથી માંડી એડિટીંગ સુધી નવીનતા જોવા મળી છે. તેમનું કહેવું છે કે, ગુજરાતી ફિલ્મજગતમાં પણ આ ફિલ્મ એક માઈલ્ડસ્ટોન બની શકે એવી છે.' ધ ફૂટેજ વિશે વાત કરતા માનસ શાહે જણાવ્યું હતું કે, 'ધ ફૂટેજ દરેક કલાકારને આવકારે છે અને પ્રોત્સાહિત કરે છે તે ખૂબ જ સારી વાત છે. મીડિયા ઈન્ડસ્ટ્રીમાં આકર્ષક રોલ પ્લે કરો છો. ધ ફૂટેજ તરફથી પુછાતા સવાલોમાં તેનું વિઝન ક્લિયર દેખાય છે. લોકો સુધી માહિતી પહોંચાડવાનું શ્રેષ્ઠ કાર્ય ખૂબ સુંદર રીતે ધ ફૂટેજ કરે છે અને કરતું રહે એવી શુભેચ્છા.

the footage
REFLECTION OF GUJARATI ENTERTAINMENT



# તમારા મિત્રો અને પરિવારનું પ્રોત્સાહન તમને આગળ વધવાની હિંમત આપે છેઃ બીજલ એન્જિનિયર

સ્ત્રીઓ ઘરની ચાર દિવાલો વચ્ચે જ રહે અને ગૃહિણી જમાનો હવે રહ્યો નથી. આજની સ્ત્રીઓ તો પરણીને પોતાની આવડતથી જીતી પણ લે છે. લગ્ન બાદ સ્ત્રીઓનું ફિગર મેરીડ વુમન મોડેલ બની શકે નહીં આ વાતને તદ્દન ખોટી સાબિત જ જન્મીને ઉછરનાર બીજલે બી.કોમ. સુધીનો અભ્યાસ હાંસલ કરી છે. અત્યાર સુધી અનેક નાની મોટી ફ્રીલાન્સ કાર્યરત છે. સાથે સાથે અભિનય અને મૉડેલિંગની દુનિયામાં પણ વાતચીત કરી હતી અને તેના સપના તેમજ અત્યાર સુધીનાં

'ધ ફૂટેજ' સાથે વાત કરતાં બીજલે કહ્યું હતું કે, 'મને હું યોગ શીખી અને લોકોને શીખવતી થઈ. સાથે સાથે પછી મને ફેમિલીના સપોર્ટથી મારું કરિયર ડેવલપ કરવાનું એક્સરસાઈઝ કરું તો જ હું ફિટ અને ફાઈન રહી શકું છું. તમે સરસ દેખાઓ છો. બધા કહેતા રહે કે મૉડેલિંગમાં મને પણ વિચાર આવ્યો અને આ જ સમયમાં એક એડ આવ્યો. મારી એક ફ્રેન્ડએ મને કહ્યું કે સીધી ફિલ્મોમાં મારુ કરિયર ડેવલપ કરું. મને પણ એ જ યોગ્ય ત્યારે જ મને એક ફિલ્મની ઓફર પણ થઈ છે પણ વધવું છે. હું પ્રતિભાશાળી મોડેલ અને ઉમદા

બીજલે વધુ વાત કરતા જણાવ્યું કે, મૉડેલિંગની થયો છે એ રીતે ચોક્કસ કહી શકાય કે આ ક્ષેત્રમાં સખત મહેનત અને નિયમિતતાની જરૂર પડે છે. થાય છે. જ્યારે મહિલાઓની વાત હોય ત્યારે તેનો પરિવાર સપોર્ટ કરે છે ત્યારે તેને સફળ થતા કોઈ બીજેલે કહ્યું હતું કે ધ ફૂટેજ માત્ર એક મેગેઝિન નથી પરંતુ છે. ધ ફૂટેજ પણ અનેક વાચકોનાં દિલોમાં ચોક્કસ સ્થાન

બનીને તેની પ્રતિભાને ઓળખ આપે નહિ એ ઘરની જવાબદારી પણ નિભાવે છે અને દુનિયાને મોડેલિંગ કે રૂપેરી પડદાને લાયક રહેતું નથી અને કરી છે બીજલ એન્જિનિયરે. અમદાવાદમાં કર્યો છે અને ત્યારબાદ યોગમાં નિપુણતા જોબ કરીને અત્યારે સ્કૂલમાં આર્ટ ટીચર તરીકે પા પા પગલી ભરતી બીજલે 'ધ ફૂટેજ' સાથે ખાસ ગ્લેમર વર્લ્ડનાં અનુભવ શેર કર્યા હતાં.

નાનપણથી યોગ અને નેચરોપથી વધુ ગમે છે. એટલે સ્ટુડિયોમાં સ્ટુડન્ટને આર્ટ અને ક્રાફ્ટનું ટીચિંગ આપું છું. મેરેજ વિચાર્યુ. એક્સરસાઈઝ મારું પેશન છે. હું સ્પષ્ટ માનું છું કે, મારો લુક પંજાબી જેવો છે એટલે મને દરરોજ કોમ્પલિમેન્ટ મળે કે કેમ ટ્રાય નથી કરતાં, તમારે ફિલ્મમાં હિરોઈન બનવું જોઈએ. તો મળી. તેમાં મારું કામ અને અનુભવ સારા રહ્યાં તો મને કોન્ફિડન્સ ટ્રાય કરવા કરતાં હું મારો પોર્ટફોલિયો બનાવું અને મૉડેલિંગ તરીકે લાગ્યું અને અત્યારે મારી પાસે બે પ્રોજેક્ટ છે. એડ કરતી હતી મે હાલ એ એડ માટે ના કહી છે. જો કે મને આ ફિલ્ડમાં આગળ અદાકારા બનવા ઈચ્છું છું.

દુનિયાનો મને વધુ અનુભવ નથી પરંતુ જે થોડો ઘણો અનુભવ કરિયર બનાવવા માટે કોઈપણ પ્રકારનું ક્રોપ્રોમાઈઝ કરવા કરતા જો કોઈ દ્રઢ નિશ્ચિય કરી લે તો ચોક્કસપણે આ ગ્લેમર વર્લ્ડમાં સફળ જરૂરી છે કે, તેને તેનો પરીવાર સપોર્ટ કરે. જ્યારે એક મહિલાને રોકી શકે નહીં. ફુટેજ વિશે વાત કરતા અને ફુટેજને શુભેચ્છા પાઠવતા નવી પ્રતિભાઓ માટે ઓળખ અને અનુભવી લોકો માટે વિશ્વાસ બનાવે તેવી શુભેચ્છા.

કવર સ્ટોરી



# ખરું ગુજરાત શહેરોથી દુર ગામડાઓમાં વસે છે, મેકર્સએ એ ગુજરાતને ઓળખવું પડશેઃ હિતેન કુમાર

પચ્ચીસ વર્ષ બાદ પણ આજે ગુજરાતી ઘરમાં 'દેશરે જોયા દાદા પરદેશ જોયા' ફિલ્મનું ગીત કે ડાયલોગ સાંભળવા મળે છે. અઢી દાયકા પહેલા જ્યારે લાખ રૂપિયાની ખૂબ મોટી કિંમત હતી ત્યારે એક ગુજરાતી ફિલ્મ કરોડો રૂપિયાનો બિઝનેસ કરી એક નવો જ રેકોર્ડ બનાવે અને દર્શકોના દિલો ઉપર રાજ કરે એવી અનેક રેકોર્ડ સર્જનાર ફિલ્મના હીરો હિતેનકુમાર ફિલ્મના મુર્હુતની મિનિટો પહેલા પણ તેમને આ ફિલ્મમાં હીરો તરીકે નહીં લેવા માટે આજીજી કરી રહ્યાં હતાં. કારણ કે, હિતેનકુમારને નાયક નહીં પરંતુ ખલનાયક બનવું હતું.

હિતેન કુમાર અભિનેતા ના હોત તો આજે એનિમલ ડોક્ટર હોત અથવા કોઈ પણ રીતે એનિમલ સાથે જોડાયેલા હોત. હિતેન કુમાર રોજ નવા પાત્ર ભજવે છે પરંતુ રીયલમાં તેઓ તેના ફેમિલીના હીરો જ છે અને જેવા છે તેવા જ છે. માણસ બનવા સતત પ્રયત્નશીલ એવા હિતેનકુમાર અત્યંત લાગણીશીલ છે અને ક્યારેયક તેનું નકારાત્મક પાસુ સાબિત થવાનું જણાવે છે. આ તમામ વાતો વચ્ચે અભિનયની દુનિયામાં નજીક અને આદર હોય એવું કોણ એવો સવાલ કરાતા એક પળના વિલમ્બ વીના હિતેન કુમારનું કહેવું હતું કે 'દેવેન્દ્ર પંડિત'. દેવેન્દ્રભાઈએ પરભાષી થઈને પણ ગુજરાતી સિનેમા માટે લોહી રેડ્યુ છે. તેમને ચાળીસ વર્ષ ગુજરાતી સિનેમાને સાક્ષીભાવે આપ્યાછે.

૨ ભોજપુરી, ૩ હિન્દી અને ૧૧૪ જેટલી ગુજરાતી ફિલ્મો કરનાર હિતેનકુમારે ૨૭ વર્ષ આ અભિનયની દુનિયામાં રોજ મહેનત અને નિયમિતતાની જે આહુતિ આપી છે તે કોઇ તપશ્ચર્યાથી ઓછી નથી. આ અભિનય તપસ્વીએ આજના યુવાનોને તેની સફર અને સંઘર્ષના અનુભવની વાતોનું ભાથું આપતા ધ ફૂટેજ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'મારી શરુઆત ૧૯૯૬માં સિનેમામાં થયેલી. મુંબઈને કર્મભૂમિ બનાવી સિનેમામાં ખનનાયક બનવાના સપના સેવતો હું વિલન બનવા માટે સિનેમામાં આવ્યો હતો પરંતુ નિયતીએ મને વિલન નહીં હીરો બનાવી દીધો. નાના, પરેશ, નસીર બધા મારા રોલમોડલ હતા અને તેઓ ખૂબ કમાલ કરતા એટલે મને પણ તેના જેવું બનવાનું મન હતું. હું નાયક બનવા માનસિક તૈયાર નહોતો. મહિયરમાં મનડું નથી લાગતું ફિલ્મથી માંડીને અત્યારની ફિલ્મ રાડો સુધીમાં દરેક પાત્રમાં વિવિધતા રહી છે અને એ જ મારી મહેનત છે પરંતુ આજ સુધી મને સંતોષ થયો નથી. કોઈ એક પાત્ર જ ગમી જાય અને તેમા બંધાઈ જવા કરતા સતત પોતાની જાતને સાબિત કરવી અને નવીનતા આપવી એ જ મારો પ્રયત્ન રહ્યો છે. આ ૨૭ વર્ષમાં અનેક ઉતારચડાવ આવ્યા. એક સમય તો એવો હતો કે જ્યારે ગુજરાતી સિનેમામાં એક ફિલ્મ હિટ થયા બાદ બીજી પંદર થી વીસ ફિલ્મો નિષ્ફળ જતી હતી. ત્યારબાદ ગુજરાતી સિનેમામાં કોલેજ કેમ્પસ, થોડી કોમેડી અને ડબલ મિનિંગ વાતો તો જોઈએ જ, આવી માનસિકતા સાથે ફિલ્મો બનવાની શરૂ થઈ. જે પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ક્યાંકને ક્યાંક સંઘર્ષ સમાન સાબિત થયું છે. જ્યારે ગુજરાતી સિનેમા ભયંકર મુશ્કેલીમાં હતી, જ્યારે ગોવિંદભાઈ અને અશોકભાઇ પટેલ લાકડાની તલવારથી લડતા હતા અને તે સમયે મારા માટે મુશ્કેલી વાળો હતો. કારણ કે, ત્યારે છકડાવાળું ગુજરાત મે જોયું અને નવું શીખવાનું તેમજ શીખેલું ભુસવાનું હતું.

હિતેન કુમાર ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે કહે છે કે, 'આજની પેઢીને માત્ર કોષવી જ યોગ્ય નથી કારણ કે, આ જનરેશન પાસે ટેકનોલોજી છે અને તેમની પાસે એ ટેકનોલોજીને હેન્ડલ કરવાની આવડત પણ છે. બસ ઘટે છે તો ગુજરાતીઓને ઓળખવાની સમજ. કારણ કે આજના ફિલ્મ મેકર્સ મેટ્રોસિટીનું ગુજરાત જાણે છે પરંતુ સાચું ગુજરાત તો મેટ્રોથી દુર ગામડાઓમાં વસે છે. જ્યારે મેકર્સ એ ગુજરાતને ગુજરાતી ફિલ્મોની અંદર લાવશે ત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સફળ થતા કોઈ નહીં રોકી શકે. યુવાનોને એ સમજવું પડશે કે તેઓ એ ખર્ચ કરે છે તેનાથી કેટલા પ્રેક્ષકો ટિકિટ ખચીને ફિલ્મ જોવા સુધી પહોંચશે. આજના મેકર્સ પાસે એજ્યુકેશન, ટેકનોલોજી અને પીઆર બધુ છે આથી સાચા ગુજરતને સદેહે ઓળખાય તે હવે ગુજરાતી સિનેમા માટે અનિવાર્ય બની ગયું છે. આજની પેઢી પાસેથી હું શીખ્યો એવી બાબત નોલેજ અને રફેક્શન છે. તેઓની સાથે કામ કરતા મને સતત અનુભવાયું છે કે, તેઓ તેમનું કામ બરાબર જાણે છે અને જવાબદારી નિભાવે છે.

તાજેતરમાં તેમની રાડો અને ધુંઆધાર જેવી ઘણી ફિલ્મો રિલીઝ થઈ છે, તેઓ આજની નવી પેઢીની ગુજરાતી ફિલ્મો સાથે પણ એટલો જ લગાવ ધરાવે છે અને તેમની સાથે તાલમેલ ધરાવવાની આવડત પણ બખુબી જાણે છે, તમને હિતેન કુમાર પડદા પર જેટલા પસંદ પડે એથીએ વધુ રૂબરુમાં વ્હલા લાગે, તેમને મળીને તેમના ફેન ખરા અર્થમાં તેમના ચાહક બની જાય એટલું સરળ વ્યક્તિત્વ આ ઉમદા સ્ટારનું રહ્યું છે. આવનાર સમયમાં તેમની ઘણી ફિલ્મો આપણને જોવા મળશે. આવનાર પેઢી અને આજની યુવા કલાકારોની પેઢીએ તેમના જીવન અને કલાક્ષેત્રનાં અનુભવોમાંથી ઘણું શિખવા જેવું છે.

અંતમાં ધ ફૂટેજ વિશે વાત કરતા હિતેન કુમાર કહે છે કે, 'એક સમય હતો જ્યારે આપણે લખેલા રાઈટસઅપ જ છાપામાં છપાતાં હતાં. એક જ પ્રકારનાં પત્રકારત્વમાંથી ફૂટેજ બોલ્ડનેસ સાથે આવ્યું. આજની ગુજરાતી યુવા પેઢીને આકર્ષતુ પેપરનું પત્રકારત્વ એટલે 'ધ ફૂટેજ'.

**એકસાથે ત્રણ ત્રણ પેઢીઓ જેને ખરા હૃદયથી ચાહે છે એવી લોકચાહના ધરાવનાર સુપરસ્ટાર એટલે હિતેન કુમાર**

thefootage
REFLECTION OF GUJARATI ENTERTAINMENT



# સૌમ્ય પંડ્યા એટલે આવનાર ભવિષ્યનો ઉમદા કલાકાર

આજની જનરેશન મનમાની કરતી અને પોતાની મરજીથી બેફામ જીવતી જનરેશન છે. મોબાઈલમાંથી ઉંચી આવતી નથી અને વડિલનું માન જાળવતી નથી. તેને તો બસ મતલબ વગરના ગીતો પર નાચવું ગમે અને કેમેરા સામે નખરાં કરવાનું જ આવડે છે, આવા અનેક આક્ષેપોનો અવાજ બંધ કરનાર બાળ કલાકાર એટલે સૌમ્ય પંડ્યા. કહેવાય છે કે સફળતા ઉંમર કે પરિસ્થિતિ નથી જોતી માત્ર મહેનત જોવે છે. એ જ રીતે સૌમ્યની અથાક મહેનત અને સતત પરિશ્રમથી તેને ખૂબ નાની ઉંમરમાં પારસમણી મળ્યો છે એમ કહેવું ભૂલ ભરેલું રહેશે નહિ.

સૌમ્ય ગૌરવકુમાર પંડ્યાનો જન્મ અને ઉછેર જામનગરમાં થયા છે. નામ જેવા જ ગુણ ધરાવતો સૌમ્ય સ્વભાવે સરળ અને મહેનતું છે. સૌમ્યની માતા ડૉક્ટર અને અભિનેત્રી હોવાથી અભિનય સૌમ્યને વારસામાં મળ્યો છે એમ કહી શકાય. કારણ કે સૌમ્યને મુશ્કેલમાં મુશ્કેલ પાત્રના ડાયલોગને યાદ કરવા માટે અને પાત્ર ભજવવા માટે ૩૦ થી ૩૫% ટકા મહેનત જ અન્યની રહે છે. બાકી થોડામાં જાજુ સમજતો સૌમ્ય પોતાની જાતને વધુમાં વધુ સારી બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે. સારથીના પાત્ર માટે સૌમ્ય ૪૨૬૦ બાળકોમાંથી પસંદગી પામ્યો હતો અને અત્યાર સુધીમાં નાટકો અને ફિલ્મોમાં નોંધપાત્ર કામ કરી ચુક્યો છે. ૧૦-૧૧ વર્ષની ઉંમરમાં સૌમ્યને ૨૦૧૬ માં ડ્રામેબાઝ માં ૩૦૦૦૦ માંથી TOP16 સુધી પહોંચ્યો. વિવેક ઓબેરોય વગેરે સમક્ષ બાજીરાવ ભજવ્યું. ૨૦૧૭ માં એક પાત્રીય અભિનયમાં રાજ્ય કક્ષા સુધી પ્રથમ આવ્યો. ૨૦૧૮માં બાળ પ્રતિભા શોધમાં રાજ્ય કક્ષા સુધી પ્રથમ રહ્યો. ૨૦૧૯ માં ચિત્રલેખા નાટ્ય સ્પર્ધામાં મુંબઈ ખાતે BEST YOUNGEST TALENT નો પુરસ્કાર તેમને મળ્યો છે. ૨૦૧૫ માં ફિલ્મ 'ઓટોલાઈફ ઓફ રમલી રિક્ષાવાળી' માં પાત્ર ભજવ્યુ હતું. ૨૦૧૯માં સૌમ્યએ તેના માતાપિતા સહિત you tube movie Hare Pritamમાં પર્ફોમ કર્યું. ૨૦૨૧ માં યુવા સરકાર ફિલ્મમાં રોલ નિભાવ્યો હતો. અત્યાર સુધીમાં સ્વામી વિવેકાનંદની આશરે ૫૦થી વધુ સ્પીચ આપી છે અને જુદા જુદા ૧૨થી વધારે પાત્રો ભજવ્યા છે. સૌમ્યએ ખૂબ નાની ઉંમરમાં ઘણા મોટા રોલ કર્યા છે ત્યારે તેની એક્ટિંગની શરૂઆત પણ રોમાંચક રીતે થઈ હતી. સૌમ્યએ પહેલા બાળ સ્વામી વિવેકાનંદની વક્તૃત્વ સ્પર્ધાથી શરુઆત કરી પછી નાટકો અને પછી બીગ સ્ક્રીન પર છવાય ગયો અને -૧૫ માં પણ શૂટ કર્યું અને +૪૭ની ગરમીમાં પણ સ્વેટર પહેરી શૂટ કર્યું હતું.

સૌમ્યએ તેની સફળતાની અને અભિનય ક્ષેત્રની વાત કરતા ધ ફુટેજને જણાવ્યું હતું કે, મારા માતાપિતાનો સૌથી વધુ સપોર્ટ મને રહ્યો છે. ડૉક્ટર મમ્મીએ અભ્યાસ અને અભિનયના પાઠ ભણાવ્યા છે તો એડ્વોકેટ અને લેખક પપ્પાએ નાટકો શીખવ્યા છે. મને એવું જ શીખવવામાં આવ્યું છે કે અભ્યાસને હંમેશા મહત્વ આપવું અને કોઈપણ પાત્રને ક્યારેય નાનું નહીં સમજવાનું. રોલ ગમે એટલો નાનો હોય પરંતુ મહ્ત્વનો હોય એ જરૂરી છે. ફિલ્મના અનુભવ વિશે વાત કરતા સૌમ્યનું કહેવું હતું કે,એ અનુભવ લાઈફ ચેંજિંગ, લોંગ લર્નિંગ અને લાઈફ ટાઈમની યાદગીરી રહે એવો જ છે અને એવા જ રોલ મને પ્લે કરવા ગમે છે. 'ધ ફૂટેજ' વિશે બાળ કલાકાર સૌમ્યનું કહેવું હતું કે, ધ ફૂટેજમાં પણ મારી જેમ નામ જેવા ગુણ છે. લોકો ફૂટેજ બનાવવા માટે સારા ખરાબ કામ કરતા હોય છે જ્યારે આપ ધ ફૂટેજ આપવા માટે આપનો સમય, પૈસા, મહેનત, રિસોર્સ વાપરો છો તે ખૂબ મહત્વનું છે.

# કેમેરો સામે આવતા જ નવો અવતાર ધારણ કરે છે નિરલ સુથાર

ગુજરાતની ફેશન ઈન્ડસ્ટ્રી દિવસે ને દિવસે આગળ વધી રહી છે, અહીં ફેશનનાં નવા બેંચમાર્ક સેટ થઈ રહ્યા છે. હવે માત્ર ટ્રેડીશનલ જ નહીં પણ વેસ્ટર્ન આઉટ ફિટની બોલબાલા પણ વધી રહી છે. ગુજરાતી છોકરીઓનું સૌંદર્ય હમેશા આકર્ષક હોય જ છે. આજનાં ઈન્ટરનેટ યુગમાં અને સોશિયલ મીડિયાનાં પ્રભાવથી અનેક નવા મોડેલને સરળતાથી કામ અને નામ બન્ને મળી રહ્યા છે. ખાસ યંગસ્ટર્સ માટે ફેશન એ પેશન બની રહ્યુ છે, તેવી જ ગુજરાતી મોડેલ નિરલ ફેશન ઈન્ડસ્ટ્રીમાં ખુબ પેશનથી આગળ વધી રહી છે.

એક મોડેલ માટે તેમના ફિગર, ફેસ ફિચર્સ સાથે તેમને કેમેરા અને પોઝની સમજ હોવી અનિવાર્ય છે. નિરલને કેમેરાની એટલી જ સમજ છે, તેમના એક્સપ્રેશન અને બોડીલેગ્વેંજ કેમેરા સામે અદભુત છે. શરૂઆતમાં નાના મોટા શુટથી તેમના કરીયરની શરૂઆત થઈ હતી, તેઓ વધુમાં વધુ ટ્રેડીશન શુટ કરે છે, તેમના મોડેલીંગ કરીયરને આજે ત્રણ વર્ષ થયા છે, તેઓ કહે છે હું, બધા પ્રકારનાં શુટ કરૂં છું. ઘણી બ્રાન્ડ સાથે મે કામ કર્યુ છે. ધ ફુટેજનાં ૨૦૨૧નાં કેલેન્ડરમાં પણ તેમનું સિલેક્શન હતું. તેઓ કહે છે કે, કેમેરા સામે કેવી રીતે પોઝ આપવા જોઈએ કે, કેવા શુટ માટે ક્યા પ્રકારનાં એક્સપ્રેશન આપવા જોઈએ તેના માટે હું સતત મહેનત કરૂં છું અને શિખતી રહું છું. મોડેલિંગની સાથે સાથે તેઓ એક્ટિંગ પણ કરે છે, નિરલે એક બે વિડીયો આલ્બમમાં અને એક વેબસિરિઝમાં પણ કામ કર્યું છે.

નિરલ કહે છે કે, ગુજરાતી ફેશન ઈન્ડસ્ટ્રી હવે ટ્રેડીશંનલ શુટમાંથી બહાર આવી રહી છે, જે ખુબ સારી વાત છે. છેલ્લા અમુક વર્ષથી ગુજરાતી ફેશન ઈન્ડસ્ટ્રીમાં ઘણા પોઝીટિવ બદલાવ આવી રહ્યા છે. હું મારી જાતને સમય પ્રમાણે ઢાળવાનો પ્રયત્ન કરતી રહું છું. આવનાર સમયમાં હું ફેશન ઈન્ડસ્ટ્રીમાં વધુ સારુ કામ કરવા ઈચ્છું છું સાથે સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની તૈયારી કરી રહી છું. નિરલને આવનાર ભવિષ્ય માટે ધ ફુટેજ તરફથી શુભેચ્છાઓ.




REGISTRATION
OPEN SOON
@ thefootage.in
We are seeking female
MODELS
for Calendar 2023
thefootage
REFLECTION OF GUJARATI ENTERTAINMENT
CALENDAR
2023

# દર્શકોને હવે સ્ક્રિપ્ટ, હીરો-હીરોઈન, લોકેશન, મ્યુઝિક, એડિટીંગ બધુ જ બેસ્ટ આપવુ પડશેઃ સન્ની સુરાની



ફિલ્મ ત્યારે જ સફળ થઈ શકે જ્યારે ફિલ્મ મેકર્સને દર્શકોની નાડ પારખરા આવડવું હોય. દર્શકોના રસરુચિને ધ્યાનમાં રાખીને જે ફિલ્મો બનાવવામાં આવી છે તે સફળતાના શિખરો સર કરતી સાબિત થઈ છે પરંતુ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવી ફિલ્મો આંગળીના વેઢે ગણી શકાય એટલી જ છે. ધીમે ધીમે ફરીથી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી બેઠી થઈ રહી હોય તેમ લાગે છે અને હવે ફિલ્મ મેકર્સ ગુજરાતીઓની પંસદ જાણી નવા વિષયો અને નવી વાર્તાઓ સાથે ફિલ્મો બનાવતા થયા છે. તાજેતરમાં રિલિઝ થયેલી એક ફિલ્મ એટલે કે 'કેમ છો લંડન' બનાવવામાં પણ મેકર્સે શું ધ્યાન રાખ્યું હતું અને ફિલ્મ શા માટે ગુજરાતીઓએ જોવી જોઈએ તેવા અનેક સવાલો જ્યારે 'ધ ફૂટેજે' ફિલ્મ મેકર્સને પુછયા ત્યારે તેમણે જણાવેલા અનુભવ અહીં આલેખાયા છે.

'કેમ છો લંડન' ફિલ્મનાં ડિરેકટર સન્ની સુરાનીએ 'ધ ફૂટેજ' સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'ભૂજના નખત્રાણાના એક નાનકડા ગામમાં મારો જન્મ થયેલો અને ઉછેર મુંબઈમાં થયો છે. ત્યારબાદ ભણવા માટે લંડન શિફ્ટ થયેલો. સ્ટડી પુર્ણ કરીને છેલ્લા પંદર વર્ષથી લંડનમાં રહું છું. લંડનમાં વસતા ગુજરાતીઓ સુધી બોલીવુડની ફિલ્મોનું લાઈનપ્રોડકશન કરું છું આમ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે તેઓ ૧૮ વર્ષથી જોડાયેલા છે. મારી માતૃભૂમિ ગુજરાતી હોવાથી ઈતિહાસ રચે એવી ગુજરાતી ફિલ્મ બનાવવાની ઈચ્છા ઘણા સમયથી હતી.

કેમ છો લંડન વિશે વાત કરતા સન્નીએ જણાવ્યું હતું કે, 'તાજેતરમાં રિલિઝ કરેલી ફિલ્મ 'કેમ છો લંડન' અમે હિન્દીમાં બનાવવાનાં હતા પરંતુ કોઈ કારણોસર કામ થઈ શક્યું નહીં. આ ફિલ્મના રાઈટ્સ બધા મારી પાસે હતા એટલે 'કેમ છો લંડન' અમે હિન્દી કરતા પણ બેસ્ટ ગુજરાતીમાં બનાવવાનો વિચાર કર્યો. ગુજરાતીમાં આ ફિલ્મ બનાવવા માટે અમે બે વર્ષ સ્ક્રિપ્ટ ઉપર મહેનત કરી અને એક વર્ષ કાસ્ટિંગમાં મહેનત કરી ૨૦૧૯માં ઓનફ્લોર ગયા. સામાન્યરીતે બીજી ફિલ્મોમાં બજેટ જોવામાં આવે છે અથવા પેલાને રોલ આપી દો, ફલાણા જાણીતા છે તેનું કામ લઈ લો, લોકેશનમાં ચાલશે, ક્યારેક એવી માનસિકતાથી કામ કરવામાં આવે છે. જ્યારે આ ફિલ્મમાં અમે સ્ક્રિપ્ટની માગ અનુસાર જ બધુ કર્યુ છે કારણ કે હવે દર્શકો સ્માર્ટ થઈ ગયા છે તેને ફિલ્મોમાં માત્ર એક હીરો કે હીરોઈન કે સારી વાર્તા આપી દેવાથી ફિલ્મ હિટ થતી નથી. હવે દર્શકોને ફિલ્મમાં સારા હીરો, હીરોઈન, સારી સ્ટોરી, સારા ડાયલોગ, સારી સિનેમેટોગ્રાફી, સારા લોકેશન, સારું મ્યુઝિક એમ બધુ જ બેસ્ટ જોઈએ છે. આથી અમે એ વાત ઉપર વધુ ધ્યાન આપ્યું છે. અમે બધુ બેસ્ટ આપવાની કોશિષ કરી છે. અમે અમારી ટીમ જ તેના કામમાં બેસ્ટ હોય એવી પંસદ કરી. બંગાળી કેમેરામેન માનસ ગાંગુલી, મ્યુઝિક કમ્પોઝર માનસ શિખર જે છત્તીસગઢથી છે. હિન્દી ફિલ્મના અનુભવી રાઈટર અસીમ અરોરા પાસે ફિલ્મ લખાવી અને ડાયલોગ ઉર્વાંક વોરા પાસે લખાવી તેને બ્રેક આપ્યો. આ મારું પહેલું ડિરેક્શન છે આથી મે અંકિત સુનિલ ત્રિવેદીની કો ડિરેક્ટર તરીકે મદદ લીધી છે. આ રીતે બધાએ ખૂબ મહેનત કરી છે. અમે આ ફિલ્મમાં લંડનને બતાવ્યું છે તો માત્ર તેને એક સ્થળ તરીકે નહીં પરંતુ એક કેરેક્ટરની જેમ રજૂ કર્યુ છે. આથી આ ફિલ્મ બનાવવાની સફર જેટલી રોમાંચક છે એટલી જ તેની સફળ થવાની અપેક્ષા પણ છે. તાજેતરનો એક કિસ્સો કહું તો એક શોમાં ફિલ્મના ઈન્ટરવલમાં દર્શકો મારી પાસે આવીને ફિલ્મ ફરીથી જોવાની વાત કરી રહ્યાં હતાં અને ફિલ્મના પાત્રો જ અમારી ઓળખ બની ગયેલ જે અમારા માટે ખુશી અને ગર્વની વાત છે. આ ફિલ્મમાં બીજી એક આકર્ષક બાબત એ છે કે, અમે કચ્છની હરીયાળી દેખાડી છે. અત્યાર સુધી જ્યા લોકો કચ્છના સફેદ રણને જ ઓળખે છે ત્યા અમે લીલુછમ કચ્છ બતાવ્યું છે. આમ કેમ છો લંડન એક ફૂલ પેકેજ છે એમ કહી શકાય. અંતમાં ફિલ્મ ડિરેક્ટર સુન્નીએ ફિલ્મ કેમ છો લંડનને દર્શકો સુધી પહોંચાડવામાં માધ્યમ બનવા માટે વિશેષ આભાર માનીને અનેક લોકોને નવી તક આપતા રહેવા 'ધ ફૂટેજ'ને શુભેચ્છા પાઠવી હતી.




Printed, Published and Owned by BHUPEN N. VALA and Printed at AMBICA OFFSET Plot No. 25, Ground Floor, Near Saibaba Flats, Bunglow Area, Kubernagar, Ahmedabad-382340 and published from J- 151, Nareshwar Flat, Nr. Alkapuri Society, Ghatlodia, Ahmedabad-380061 - Editor: Bhupen N. Vala